


## કબડ્ડીની રમતમાં બહેનોએ કૌવત બતાવ્યું

ખેલ મહાકુંભ અંતર્ગત મોડાસા તાલુકાના ખંભીશર ખાતે શ્રી મહંત ગંગાનાથ વિદ્યાલયમાં જિલ્લા કક્ષાની કબડ્ડી અને તાલુકા કક્ષાની યોગાસનની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જિલ્લા અને તાલુકાની વિવિધ જૂથની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં બહેનોએ કબડ્ડીની રમતમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાનું કૌવત બતાવ્યું હતું.

# ધનસુરા ચાર રસ્તે લોડીંગ ટ્રકોનો ત્રાસ

ધનસુરા, તા.૨૧

ધનસુરા તાલુકાના મુખ્યમથક ધનસુરા ચાર રસ્તા પાસે દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરતી જાય છે. અકસ્માતનો ભય રહે છે.

આ ચાર રસ્તાની આગળથી રોજના અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. ખાસ કરીને પરપ્રાંતની લોડીંગ ટ્રકોની વણઝાર લાગે છે. કલાકો સુધી ટ્રાફિક જામ થઈ જાય છે. બેફામ દોડતા ટ્રકો કયારેક અકસ્માત સર્જે છે. એક વર્ષ અગાઉ ૧૨ સાયન્સમાં ભણતા બે વિદ્યાર્થીઓના મોત આ લોડીંગ ટ્રકોના કારણે થયા હતા. અગાઉ ચારથી વધુ અકસ્માતોમાં નિર્દોષ વિદ્યાર્થીઓએ જાન ગુમાવ્યા છે. ચાર રસ્તા જેટલી શૈક્ષણિક સંસ્થાઓના ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ સવાર-સાંજ અવરજવર કરે છે. મોડાસા નડિયાદ રોડ ઉપર બમ્પ બનાવ્યા છે. પરંતુ આ રોડની વચ્ચે ડીવાઈડર બનાવવામાં આવે તો અકસ્માત અટકી શકે તેમ છે. આ અંગે ધનસુરા સિ.સિ. ટ્રસ્ટ અને ગ્રામ પંચાયત દ્વારા નડિયાદ ડિવિઝન કાર્યપાલક ઈજનેર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે.

ધનસુરા તાલુકા મથક હોઈ રોજ આસપાસના ગામોના લોકોની અવરજવર રહે છે. શનિવારે ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બને છે. ધનસુરા વડાગામ રોડની વચ્ચે અત્યારે ડીવાઈડરનું કામ ચાલે છે ત્યારે મોડાસા કપડવંજ રોડ ઉપર સત્વરે ડીવાઈડર બનાવવા પ્રજાનો અનુરોધ છે. મોડાસા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આ અંગે પ્રજાજનોએ રજુઆત પણ કરી છે.

## ધનસુરા તાલુકામાં ઓછા વરસાદથી પાક ઓછો થશે

ધનસુરા, તા. ૨૧

ધનસુરા તાલુકામાં ચોમાસાની ઋથુમાં જરુર કરતાં ઓછો વરસાદ થતાં જળસ્ત્રોતની સ્થિતિ જળાશયોમાં પાણી નહિવત છે. ચોમાસું પાકમાં પણ વરસાદની અનિયમિતતાના કારણે મગફળી અને કપાસના પાકને મોટું નુકશાન થયું છે. ધનસુરા તાલુકામાં ઓણસાલ ઋતુમાં જરુર કરતાં ઓછો વરસાદ થતાં ચોમાસું પાક નિષ્ફળ જવાનો ભય છે. ચોમાસામાં આ વખતે ધનસુરા તાલુકામાં જરુર કરતા ઘણો ઓછો વરસાદ થતાં ખેડૂતો માટે શિયાળુ અને ઉનાળું પાક લેવાની પણ મુશ્કેલી સર્જાવાનો ભય છે. તાલુકાના ૨૫ થી વધુ તળાવો છલકાયા નથી. ધનસુરા, બુટાલ, આકરૂંદના વિશાળ તળાવો આ વખતે અડધા ખાલી છે. ખેડૂતોના કુવાઓમાં જળસ્ત્રોત વધ્યો નથી. વિન પિયત જમીન ધરાવતા માત્ર ચોમાસું ખેતી પકવવા ખેડૂતો માટે ચોમાસું ખેતી પકવવા ખેડૂતો માટે ચોમાસુ ખેતી નિષ્ફળ જશે તો દેવાના ડુંગર ખડકાશે. પરિવારને જીવાડવું મુશ્કેલ બની જશે. આવા ખેડૂતોને રાહતમ ળે તે માટે સરકારે વિચારવાની જરુર છે.



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખેલમહાકુંભ ૨૦૧૬ જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ટેબલ ટેનિસની સ્પર્ધા મોડાસામાં આવેલી જે.બી. શાહ સ્કૂલમાં યોજાઈ ગઈ. જેમાં ડી.એલ.એસ.એસ.નાં વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ખેલાડીઓના કોચ મઝહરભાઈ સુથાર અને ઝુબેરખાન સુથારે ખેલાડીઓને કરાવેલ તનતોજડ મહેનતથી ટેબલ ટેનિસની અંડર ૧૭ સ્પર્ધામાં શેખ મહોમ્મદ રેહાનનો જિલ્લમાં પ્રથમ નંબર આવ્યો હતો. જયારે અંડર-૧૭ ડબલ્સમાં શેખ મોહમંદ રેહાન અને મોહંમદ સાદિકે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે અંડર-૧૪માં શેખ મોહંમદ અરમાન અને મોહમંદ સાદિકે પ્રથમ નંબર પ્રાપ્ત કરતા ડી.એલ. એસ. એસ. તેમજ અરવલ્લી જિલ્લાનું નામ રોશન કર્યું હતું.

# આવતીકાલની રેલીમાં અરવલ્લીના ફિક્સ પગારદાર કર્મચારીઓ જોડાશે

**રેલી બાદ અમદાવાદ કલેકટરને પોતાની માંગણી અંગે કર્મચારીઓ આવેદનપત્ર આપશે**

અરવલ્લી, તા.૨૧

રાજયના પચાસ હજારથી વધુ ફિક્સ પગારદાર કર્મચારીઓ પોતાને પગારમાં થતા અન્યાય અંગે પોતાનો અવાજ સત્તાવાળાઓને પહોંચાડવા માટે આગામી ૨૨ ઑકટોબરે અમદાવાદમાં કરવામાં આવેલ રેલીના આયોજનમાં અરવલ્લીમાં ફિક્સ પગારના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં જોડાનાર છે.

રાજયસભરમાં વિવિધ ખાતા અને વિભાગોમાં કામ કરતાં ફિક્સ પગારદાર અને કોન્ટ્રાકટ બેઝ ઉપર કામ કરતા કર્મચારીઓ તથા યુવાનોએ સંગઠિત થઈ રેલી યોજવાનું નક્કી કરેલ હોઈ અરવલ્લી જિલ્લામાંથી અને મોડાસા તાલુકામાંથી પણ આગામી ૨૨મી ઓકટોબરે મોટી સંખ્યામાં ફિક્સ પગારદારો આ રેલીમાં જોડાનાર છે.

મોડાસા તાલુકા, મ.પ.વ. પ્રમુખ નિરવ પટેલે જણાવ્યા મુજબ જિલ્લા અને વિવિધ તાલુકાઓમાં કામ કરતાં ફિક્સ પગારદાર કર્મચારીઓએ અગાઉ વિવિધ માધ્યમો દ્વારા પોતાની માંગણી ઉચ્ચ કક્ષાએ પહોંચાડેલ છે આમ છતાં, ન્યાય નહિ મળતાં અમદાવાદ ખાતે જનઆંદોલન આક્રોશ રેલી યોજવાનું નક્કી થતાં મોડાસામાં અને અરવલ્લી જિલ્લામાંથી ફિક્સ પગારદારો મોટી સંખ્યામાં આ રેલીમાં જોડાવવા માટેની નેમ દર્શાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા તમામ કર્મચારીઓને સમાન કામ, સમાન વેતનમાં ધોરણે ફિક્સ પગાર નાબુદ કરવા હુકમ કરવામાં આવેલ છે. જેનો અમલ કરવા અગાઉ વિવિધ માધ્યમો દ્વારા માંગણી કરવા છતાં આ માંગણીઓ નહિ સંતોષાતા ન છૂટકે આગામી ૨૨મીએ જનઆક્રોશ રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

# પ્રાંતિજમાંથી ૧૫૦ કિલો ડુપ્લીકેટ ઘી પકડાયું

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાંથી ૧૫૦ કિલો ડુપ્લીકેટ ઘી મળી આવતાં વેપારી સહિત અન્ય બે ની પોલિસ દ્વારા અટકાયત કરી વધુ પુછપરછ હાથધરી છે

પ્રાંતિજ ખાતે આવેલ અંકુર એજન્સીના માલિક દ્વારા બનાવટી ઘી વેચાણ કરતાં હોવાની હિંમતનગર એલસીબી પોલિસ ને બાતમી મળતાં તેવોએ એપ્રોચરોડ ઉપર આવેલ સંઘ કોમ્પલેકસમાં રેડ કરતાં ઈકો ગાડીમાં ભરતા બનાવટી ઘીના ડબા નંગ-૧૦ જેની કિંમત-૩૦,૦૦૦ તથા ઈકો ગાડી જેની કિંમત- ૨ લાખ તથા બે મોબાઈલ જેની કિંમત બે હજાર મળી કુલ ૨,૩૪૦૦૦ નો મુદ્દામાલ હિંમતનગર એલસીબી એ દુકાન માલિક સહિત અન્ય બે ની અટકાયત કરી વધુ પુછપરછ હાથધરી છે.

# ડીસામાં ચંદ્રલોક રોડ પર શાકભાજીની લારીઓનો આડેધડ ખડકલો : નગરજનો પરેશાન

ડીસા, તા. ૨૧

ડીસા શહેરના ચંદ્રલોક રોડ પર ડબલ રોડ બન્યાને ત્રણથી ચાર વર્ષ કરતા વધારે સમય વિતી ગયો હોવા છતાં દબાણોની સમસ્યા જૈસે થે જોવા મળી રહી છે. લાયન્સ હોલ સામે તો બપોર બાદ બન્ને તરફ શાકભાજીની લારીઓનો ખડકલો જોવા મળે છે. જેના કારણે ટ્રાફિક સમસ્યા જટીલ બની રહી છે.



ડીસા શહેરમાં દબાણોની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. શહેરના હાઈવે વિસ્તાર, મેઈન બજાર, લેખરાજ ચાર રસ્તા, ફુવારા જેવા વિસ્તારોમાં આડેધડ વાહનો અને લારીઓના ખડકલાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે ચંદ્રલોક રોડ પર લાયન્સ હોલની સામે બપોર બાદ શાકભાજીની લારીઓ વાળાનો બન્ને તરફ ખડકલો મંડાય છે. સાંજે અહી એટલી ભીડ થાય છે કે બાઈક લઈને પસાર થવું પણ મુશ્કેલ બની જાય છે. લારીઓ વાળા બન્ને તરફ માર્ગ પર કબ્જો જમાવીને બેસી જાય છે. જ્યારે વેપારીઓ પણ રોડમાં પોતાનો સામાન મુકી દબાણ કરે છે. આ સમસ્યાનો હલ કરવા માટે પાલિકા તંત્ર સદંતર નિષ્ફળ નિવડ્યું છે. અહી માર્કેટયાર્ડની સામે ખાનગી જીપોનો આડેધડ ખડકલો અને લારીઓવાળાના અડીંગાથી લોકો પરેશાન બન્યા છે. પાલિકા તંત્ર દ્વારા આ મામલે લાલ આંખ કરી ટ્રાફિકને અવરોધક તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# શ્રી કે ડી ચૌધરી સંસ્કાર વિધાલય પાંથાવાડાનું ગૌરવ

દાંતીવાડા, તા.૨૧

દાંતીવાડા તાલુકાના પાંથાવાડા શ્રી કે ડી વિધાલય ના બાળકો ગુરુવારના રોજ ઓગડ વિધાલય થરા મુકામે જિલ્લા કક્ષા ની યોગ ટુર્નામેન્ટ યોજાઈ હતી જેમાં અંડર ૧૪ -બેહનો માં ગોસ્વામી આસ્થાબેન કિરણગિરી એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને અંડર ૧૪માં ભાઈઓમાં પ્રથમ ગોસ્વામી શાલિનકુમાર કિરણગિરી, બીજો નંબર ગુર્જર પિન્સકુમાર શલેશભાઈ ત્રીજો નંબર માળી રવિકુમાર શિવાભાઈ જેવા ઉપરોક્ત આ ચાર વિધાર્થીઓ એ જિલ્લા ડકો વગાડી દાંતીવાડા તાલુકાનું નામ રોશન કરેલ છે ત્યારે આ વિધાર્થી ઓ હવે રાજ્ય કક્ષા એ બેહનો જુનાગઢ અને ભાઈયો ભાવનગર રાજ્ય કક્ષા એ રમવા જશે ત્યારે આ પ્રંસગે શાળા આચાર્ય તેમજ શિક્ષકો એ બાળકો ને અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુરના પ્રસિદ્ધ મહંત સામે છેતરપીંડીની ખોટી ફરિયાદ

પાલનપુર, તા.૨૧

પાલનપુરના સુપ્રસિધ્ધ શ્રી વીજય હનુમાન આશ્રમના મહંતશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર કલ્યાણનંદ મહારાજ વીરુધ્ધ તદ્દન ખોટી અને વાહીયાત ભરી છેતરપીંડીની પોલીસ ફરીયાદ દાખલ કરાતા ફરીયાદી સામે તર્ક-વીતર્કો ઉઠયા છે.

ભરતભાઈ હરજીવનભાઈ પુરોહીત નામના ફરીયાદીએ મહંત કલ્યાણનંદજીને કુંભના મેળામા જવા માટે મહીન્દ્ર રેકસ ટ્રોન ગાડી આપી હોવાનુ જણાવ્યુ છે પરંતુ વાત કઈક જુદી જ જાણવા મળી છે.જેમા ફરીયાદીને સુરત ખાતે નુકશાન થયેલ હોઈ તે પાલનપુરમા આવેલ છે અને તેને ગાડી મહંતને નહી પરંતુ મહંતના શિષ્ય સીતારામ જોષીને ગાડીના હપ્તા ભરવાની શરતે રૂ.૧૦ લાખ રોકડા આપીને વેચાણ રાખેલ બાદમા ફરીયાદી ભરતભાઈ પુરોહીતે સીતારામ જોષીને ગાડીના કાગળ જેવા કે આર.સી.બુક ન આપતા સીતારામ જોષીએ ગાડીના હપ્તા ભરવાનુ બંધ કરેલ અને તે વખતે ફરીયાદીના ભાઈ તેજાભાઈ પુરોહીત ડામરાજી રાજગોર, દીનેશભાઈ પંચાલ જેવા પ્રતીષ્ઠીત આગેવાનોની સાક્ષીએ લખાણ કરવામા આવેલ જેમા ગાડી મામલે મહંત કલ્યાણગીરી બાપુ સાથે કોઈ જ નાણાકીય લેવડ નથી અને ગાડીના કાગળ ૧૫ દીવસમા આપવા કહેવામા આવેલ પરંતુ ફરીયાદીએ ગાડીના કાગળો આપેલ નહી તા.૩૦-૦૮-૨૦૧૬ના રોજ પાલનપુર પોલીસ મથકે લેખીત અરજી આપી હતી.જેના જવાબ સ્વરૂપે સીતારામ જોષી ગાડી વેચાણ સંબધી મોબાઈલ ઉપર થયેલ વાતચીતના રેકોડીંગની સીડી ગાડીના જે હપ્તા ભરેલ હતા તેની પહોંચ અને તા.૨૨-૦૮-૨૦૧૬ના કરવામા આવેલ ફરીયાદી કરાર લેખની ઝેરોક્ષ પોલીસને રજુ કરવામ આવેલ અને તેની નકલ જીલ્લા પોલીસવડા પી.આઈ.સીટી પોલીસ પાલનપુર સીમલાગેટ પોલીસ પાલનાપુરને આપવામા આવેલ જે અરજી હજુ તપાસ ચાલુ છે છતા ફરીયાદીઅ એક જાણીતા અને માનીતા મહંતને બદનામ કરવાના ઈરાદે ગાડીની છેતરપીંડી અંગે ફરીયાદ દાખલ કરાવી પોલીસને ગુમરાહ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ગાડી મામલે મહંતને ફરીયાદી સાથે કોઈ જ લેવા દેવા નથી તેમ છતા મહંતને બદનામ કરવાના ઈરાદે તદ્દન ખોટી ફરીયાદ દાખલ કરાતા પોલીસ સામે સવાલો ઉઠવા પામ્યા છે.

## ભિલોડાના વીરપુરના પાદરે હાથમતી નદીમાં લપસી પડતાં મોત

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વીરપુર ગામના સીમવિસ્તારમાં હાથમતી નદી કિનારા ઉપરથી આધેડનો પગ એકા-એક લપસી પડતાં મોત નિપજ્યું હતું.મૃતકના પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સુરેશભાઈ ભગોરાના જણાવ્યા મુજબ વીરપુર ગામના પુનાજી બદાજી કલાસવા વીરપુર ગામના સીમવિસ્તારમાં હાથમતી નદી કિનારા પાસેથી પગપાળા રસ્તા ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન હાથમતી નદી કિનારાના ઉપરથી ૨૦ ફુટ ઉંચી જગ્યાએથી એકા-એક પગ લપસી પડતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં હાથમતી નદીના વહેતા પાણીમાં માટીની અંદર માથું ઘુસી જતાં વીરપુર ગામના પુનાજી બદાજી કલાસવા ઉંમર વર્ષ-૫૨નું કરૂણ મોત નિપજ્યું હતું. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં પી. એમ. અર્થે મૃતદેહ ખસેડાયો હતો. મેડીકલ ઓફીસરોએ પી. એમ. કરી મૃતદેહ પરીવારજનોને સોંપતાં પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.વીરપુર ગામના રામજીભાઈ બદાજી કલાસવાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસએ સી. આર. પી. સી.૧૭૪ મુજબ એ.ડી.નો ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.



## પ્રાંતિજ અવર ઓન હાઇસ્કુલનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવર ઓન હાઇસ્કૂલ ખાતે ખેલ મહાકુંભ ૨૦૧૬ તાલુકા કક્ષાનો વોલીબોલ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં વિદ્યાર્થીઓએ વોલીબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમા વિજય થયો હતો અને તાલુકા ચેમ્પિયન થઈ હતી. ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૬ માં પ્રાંતિજ અવર ઓન હાઇસ્કુલ ખાતે બહેનોની વોલીબોલની સ્પર્ધા યોજાઈ હતી જેમાં અવર ઓન હાઇસ્કુલની વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમા સામે વાળી ટીમને પરાજય આપી ફાઈનલમાં વિજય મેળવ્યો હતો અને તાલુકા ચેમ્પિયન બની હતી જયારે વ્યાયામ શિક્ષક જગદીશભાઇ રાવલ તથા વિદ્યાર્થીઓની ટીમને સંસ્થાના મંત્રી રઈશભાઇ કસ્બાતી તથા શાળાના આચાર્ય દિપકભાઇ મહેતા દ્વારા અભિનંદન પાઠવ્યા હતાં.

## શ્રી મારૂતી કુરીયર સર્વિસ પ્રા.લી. વિસ્તૃતિકરણ અને આધુનિકરણના માર્ગે

દેશમાં ૨૫ રાજયોમાં ૩૨ થી વધુ રીજિયોનલ ઓફિસ ધરાવતી ૨૪ X ૭ સેવા આપતી તેમજ ૧૬૯૧ થી વધુ આઉટલેટ, ૫૦૦૦થી વધુ પીનકોડ અને ૭૫૦૦ યુવા કર્મચારીઓની વિરાટ ટીમ સાથે કુરીયર ક્ષેત્રે કોમ્પ્યુટરાઈઝડ ઈન્ટર કનેકટેડ સેવા આપતી એક માત્ર સ્વદેશી કુરીયર કંપની શ્રી મારૂતી કુરિયર સર્વિસ પ્રા.લી. તેના ૩૨માં પ્રારંભ સમયે વિસ્તૃતીકરણના નવા પ્રકલ્પો પ્રારંભ કરી રહી છે. કંપનીના જોઈન્ટ એમ.ડી. અજય મોકરીયા અને સી.ઈ.ઓ. મૌલિક મોકરીયાની નવી લીડરશીપ તથા કંપનીના સી.એમ.ડી. રામભાઈ મોકરીયાના માર્ગદર્શન હેઠલ દક્ષિણ ભારત અને ઉત્તર ભારતના છેવાડાના નગરો સુધી કુરીયર સેવા વિસ્તારાશે. વડાપ્રધાન મોદીના ડિજિટલ ઈન્ડિયા ઈનિસ્યેટીવ હેઠળ પેપરલેસ ડિજિટલ કુરીયર સેવા અપનાવાશે. ઈ-કોમર્સના વિકાસ સાથે લોજીસ્ટીક ક્ષેત્રમાં પણ પદાર્પણ કરશે. આ માટે અમો સિસ્ટરકન્સર્ન ઓનલાઈન ક્ષેત્રમાં WEDIB EXPRESS LTD કંપનીનો પણ પ્રારંભ કરી દીધો છે. રોજ કંપનીના જોઈન્ટ એમ.ડી. અજય મોકરીયાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી કંપની દેશના ૨૫ રાજયોમાં વિસ્તરી ચુકી છે. જેની ૩૨ રિજીયોનલ ઓફીસ ૨૪ X ૭ કાર્યરત છે. ૧૬૯૧ આઉટલેટ પથરાયા છે. ૫૦૦૦થી વધુ પીનકોડમાં કુરીયર સેવા આપી રહી છે.

# મેઘરજમાં પોલીસ સંભારણા દિવસની ભાવપૂર્વક ઉજવણી

મેઘરજ, તા.૨૧

૨૧ ઑકટોબર પોલીસ સ્મૃતિ દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત સરકારના આદેશ અનુસાર ગુજરાત રાજયના શહીદવીર જવાનોની યાદમાં અભિવાદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમણે સીમા સુરક્ષાબળમાં ફરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપીને પ્રાણોની આહુતી આપી છે. તેઓ આ કાર્યક્રમ એ જે સ્કૂલમાં યોજાયો કે શહીદ જવાને છેલ્લે સુધી શિક્ષણ મેળવ્યું હોઈ જેથી સ્કૂલોમાં શિક્ષણ મેળવવા વિદ્યાર્થી તથા ગ્રામવાસીઓના દિલમાં દેશભક્તિ અને દેશપ્રેમની ભાવના જાગૃત રહે.

આજે મેઘરજમાં શુક્રવારે સવારે ૧૦.૩૦ કલાકે પી.સી. એન. હાઈસ્કૂલના હોલમાં પોલીસ સ્મૃતિ દિવસ પર પંચાસ ગામના બી.એસ.એફ.ના શહીદ વીર જવાન લક્ષ્મણભાઈ કલાસવાનો શ્રદ્ધાંજલિ આપી તેમના પરિવારનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ



શહીદ વીર જવાર લક્ષ્મણને મેઘરજ પી.સી. એન. હાઈસ્કૂલમાં છેલ્લે ધો.૧૨ પાસ કર્યું હતું અને ૧૯૮૦માં બી.એસ.એફ. ફોજમાં જોડાયા હતા. વર્ષ ૨૦૦૨માં જમ્મુ-કાશ્મીરમાં ફરજ દરમિયાન ગ્રેનેડ હુમલામાં તેઓ શહીદ થયા હતા. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બી.એસ.એફ.ના આ શહીદવીર જવાનની પત્ની લલીતાબેન અને તેમની પુત્રી પરિવાર સાથે હાજર રહ્યા હતા. બી.એસ.એફ. દ્વારા લલીતાબેનને સાલ આપી સન્માન કરાયું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે શહીદના વતન પંચાલ ગામે પ્રાથમિક શાળાનું નામ વીર જવાહ શહીદ લક્ષ્મણભાઈ આપવામાં આવ્યું છે. તેવી જાહેરાત થતાની સાથે સૌ કોઈ હાજર રહેલાએ તાળીયોના ગડગડાટથી વધાવી લીધા હતા.

આ પ્રસંગે નગરના આગેવાનો, સ્કૂલના ટ્રસ્ટીઓ હસમુખભાઈ શાહ, દિલીપભાઈ સોની, નરેન્દ્રભાઈ ઉપાધ્યાય, રહીમ બંગા, તેમજ હાઈસ્કૂલના આચાર્ય સંજયભાઈ અને સરકાર તરફથી બી.એસ.એફ.ના ઉપ કમાન્ડર દાંતીવાડાના અને જવાનો હાજર રહી આ કાર્યક્રમના પ્રોત્સાહિત કરી સહભાગી થયા હતા.

છેલ્લે ગ્રામજનો વિદ્યાર્થીઓ તેમજ કાર્યક્રમમાં હાજર સૌ કોઈએ બે મિનિટનું મૌન પાળી શહીદ વીરને શ્રદ્ધાંજલિ આપી હતી.